**ક્રિમીનલ કેસ નંઃ—૭૪૦૯૬/૧૯**

**આંકઃ— ૧ લગત હુકમ**

**(૧).** આ કામના આરોપી સામે ઈ.પી.કો.કલમ—૨૮૩ મુજબના ગુનાનું ચાર્જશીટ રજુ થયેલ છે. આ કામે આરોપી અદાલતમાં હાજર થતાં તેમને પોલીસ તપાસના ચાર્જશીટની નકલો ક્રિ. પ્રો.કોડ કલમ—૨૦૭ અન્વયે વિના મુલ્યે આપવામાં આવેલ છે. આરોપીએ ત્યારબાદ ગુના કબુલાત પુરસીસ રજુ કરેલ છે અને ત્યારબાદ આરોપીની ઈ.પી.કો.કલમ—૨૮૩ ના ગુના માટે પ્લી/નિવેદન લેતા તેમાં પણ આરોપીએ ગુનો કબુલ હોવાનું જણાવેલ છે.

**(૨).** સજા બાબતે આરોપીને સંભળાવતા આરોપીએ મજુર કામ કરી તેમના કુટુંબનું ગુજરાન ચલાવે છે અને તેઓનો આ પ્રથમવાર ગુનો છે અને હવે પછી આવો ગુનો નહી કરવાની ખાત્રી આપે છે. જેથી તેમને યોગ્ય ઓછામાં ઓછો દંડ કરવા જણાવે છે. એ.પી.પી.શ્રી એ આરોપીને કાયદા મુજબની થઈ શકતી યોગ્ય સજા કરવા જણાવેલ છે.

**(૩).** આ કેસની તમામ હકીકત તથા સંજોગોને તથા આરોપી વિરુઘ્ધના ગુના અંગે થઈ શકતી સજાની જોગવાઈને ઘ્યાનમાં લેતા ન્યાયના હિતમાં નીચે મુજબ હુકમ કરુ છુ.

**<u>હુ ક મ</u>**

આરોપીને ઈ.પી.કો.કલમ—૨૮૩ મુજબના ગુના માટે ક્રિ.પ્રો.કોડની કલમ—૨૫૨ અન્વયે કસુરવાર ઠરાવી ૧૦૦/—(અંકે રૂપિયા સો પુરા) દંડ કરવામાં આવે છે. જો દંડ ન ભરે તો આરોપીને (૨) દિવસની સાદી કેદની સજા કરવામાં આવે છે.

સદર હુકમ આજ તારીખ ૧૪ મી માહે સપ્ટેમ્બર સને ૨૦૧૯ના રોજ સ્પેશીયલ સીટીગમાં  વાંચી સંભળાવી સહી કરી જાહેર કર્યો.

મુકામઃ— અમદાવાદ.
તા.૧૪/૦૯/૨૦૧૯.

(સી.જે.પટેલ)
એડી.ચીફ.મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ,
કોર્ટ નં.૧૨.અમદાવાદ.
કોડ નં. જીજે.૦૧૦૫૬.